| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૨૮.૦૨.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૨૮.૦૨.૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૭.૦૩.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૦ ૦૦ ૦૭ |

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૧૧/૨૦૨૬**

**આંક : ૦૬**

**અરજદાર :–** **જયદિપસિંહ ઉર્ફે લાલો અમરસિંહ ચૌહાણ,**
ઉ.વ.આ.૩૦, ધંધો–ખેતી,
રહે : ઓધવજીના મુવાડા,
તા. બાલાસિનોર, જી. મહીસાગર.

**વિરૂદ્ધ**

**સામાવાળા:–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત:–** **બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| | |
|---|---|
| અરજદાર તરફે વિ.વ. **શ્રી વી. આર. પટેલ** | |
| સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ. આર. ડામોર** | |

**–: ઠ રા વ :–**

**(૧)** આ કામનાં અરજદાર કોઠંબા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦ ૫૨૫૦૬૪૩/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ તથા બી.એન.એસ. ની કલમ–૧૧૧(૨)બી મુજબનાં ગુનામાં

જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ−૪૮૩ મુજબ હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૧૪.૧૧.૨૦૨૫ નાં રોજ નોંધાયેલ. ત્યારબાદ તા.૨૪.૦૨.૨૦૨૬ નાં રોજ અરજદારની અટક કરી, લુણાવાડાનાં ચીફ જયુડી. મેજી. સાહેબ શ્રીન કોર્ટ સમક્ષ રજુ કરતાં, તા.૨૫.૦૨.૨૦૨૬ સુધીનાં રીમાન્ડ આપવામાં આવેલ. અરજદારે તે જ કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૬૩/૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે તા.૨૬.૦૨.૨૦૨૬ નાં રોજ નામંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદારનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે, કોઈ ગુનો કરેલ નથી, અરજદાર સામે કરવામાં આવેલ તમામ આક્ષેપો ખોટા, બનાવટી અને ઉપજાવી કાઢેલા છે. હાલનાં ગુનાની ફરિયાદમાં અરજદારનું કોઈ જગ્યાએ નામ નથી, મૂળ આરોપી સ્થળ ઉપરથી મળી આવેલ નથી, પોલીસે માત્ર શક રાખી અરજદારની ધરપકડ કરી ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદાર અરજીમાં જણાવેલ સરનામાનાં કાયમી રહિશ છે, ત્યાં અરજદારની ખેતીની જમીન તથા મકાન આવેલા છે, ક્યાંય નાસી−ભાગી જાય તેમ નથી. અરજદારનાં પરિવારમાં વૃદ્ધ, અશક્ત અને બિમાર પિતા અને બાળબચ્ચાં છે, તેઓના ભરણપોષણની જવાબદારી અરજદારની છે, જો અરજદાર જામીનમુક્ત ન થાય તો તેઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. અરજદાર જામીનમુક્ત થયેથી ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક−ધમકી કે લાલચ આપશે નહીં કે ફોડવાની કોશિષ કરશે નહીં, નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે. અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. 'જામીન એ નિયમ અને જેલ એ અપવાદ' નાં સિદ્ધાંતને ધ્યાને રાખી તેમજ અગાઉ હાલનાં ગુનાનાં અન્ય આરોપીને અત્રેની

કોર્ટ દ્બારા જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય, અરજદારને પેરીટીનો લાભ આપી, જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૪) જામીન અરજીનો વિરોધ કરતાં વિદ્બાન પી.પી.શ્રી એસ.આર.ડામોર નાઓએ એવી રજુઆત કરેલ છે કે, હાલનો બનાવ તા.૧૪.૧૧.૨૦૨૫ નાં રોજ બનેલ, ત્યારથી હાલનાં અરજદાર નાસતા ફરતા રહ્યા છે. હાલનાં અરજદારની અટક તા.૨૪.૦૨.૨૦૨૬ નાં રોજ કરેલ છે. અરજદાર વિરૂદ્ધ અગાઉ પ્રોહી. અંગેના ઘણાં ગુનાઓ નોંધાયેલ થયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપી નાઓએ આરોપી નં.૧ કૈલાશબેન લક્ષ્મણભાઇ નાઓને ભારતીય બનાવટનાં અલગ અલગ માર્કાનાં કાચનાં કવાટરીયા તથા ટીન બિયર મળી કુલ નંગ-૧૭૧ દારુ લીટર-૪૧, કિં.રૂા.૪૫,૧૩૫/- નો પ્રોહી. મુદ્દામાલ આપી, આરોપી નં.૧ એ પોતાના કબજા ભોગવટાનાં રહેણાક મકાનનાં પાછળનાં વાડાનાં ભાગે ખૂલ્લામાં રાખી, આરોપી નં.૧ ઘરે હાજર ન મળી આવી અને અરજદાર નાઓએ આરોપી નં.૧ નાઓને મુદ્દામાલ આપી એકબીજાની મદદગારી કરી, પાછળથી પકડાઇ જઇ ગુનો કરેલ છે. હાલ અરજદાર સામેની તપાસ ચાલુ છે. અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. જેથી અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બંને પક્ષકારોનાં વિદ્બાન વકીલશ્રીઓને સાંભળ્યા તથા આ કામે રજુ અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ આંક-૫ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

(૬) ઉપરોકત તમામ હકીકતો તથા ત.ક.અમલદારનું સોગંદનામું ધ્યાને લેતાં, અરજદાર સામે કોઠંબા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦ ૫૨૫૦૬૪૩/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ તથા બી.એન.એસ. ની કલમ-૧૧૧(૨)બી મુજબનાં ગુનાની ફરિયાદ દાખલ થયેલ છે, જે કામે અરજદારની અટક કરવામાં આવેલ અને અરજદાર

જયુડીશ્યલ કસ્ટડીમાં છે. ત.ક.અમલદારનું સોગંદનામુ તથા તપાસનાં કાગળો ધ્યાને લેતાં, અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય છે. હાલમાં ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર વિરૂદ્ધ અગાઉ ગુનાઓ નોંધાયેલા છે, પરંતુ જામીન અરજીનાં તબક્કે પુરાવાઓની ઉંડાણપૂર્વક કે ગુણદોષ ઉપર ચર્ચા કરવાની હોતી નથી. જામીન અરજીનાં નિર્ણય સમયે આરોપી ટ્રાયલ દરમિયાન હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું તેમજ ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક–ધમકી, લાલચ, પ્રલોભન આપી તોડે ફોડાવે નહીં અને ફરીથી આ પ્રકારનાં ગુનામાં સંડોવાય નહીં તે નક્કી કરવાનું હોય છે. વધુમાં આ ગુનાનાં અન્ય સહઆરોપીને અત્રેની કોર્ટ દ્વારા જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે, જેથી અરજદારને પેરીટીનો લાભ મળવો જોઈએ તેવું હું માનું છું.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં તથા હાલનાં ગુનામાં સજાની જોગવાઈ તથા હાલનાં અરજદારનો ગુનામાં ભાગ જોતાં તથા અરજદાર બાલાસિનોર તાલુકાનાં રહેવાસી હોય તથા કેસ ચાલતાં દરમિયાન અરજદારની હાજરી સરળતાથી મળી રહે તે માટે અરજદારને અમુક આકરી શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું થતું હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

## – : : હુકમ : : –

(૧) અરજદાર/આરોપી **જયદિપસિંહ ઉર્ફે લાલો અમરસિંહ ચૌહાણ,** ઉ.વ.આ.૩૦, ધંધો–ખેતી, રહે : ઓધવજીના મુવાડા, તા. બાલાસિનોર, જી. મહીસાગર નાઓની હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા **કમીટલ કોર્ટ**માં

રજુ કર્યેથી કોઠંબા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦૫૨૫૦૬૪૩/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ તથા બી.એન.એસ. ની કલમ–૧૧૧(૨)બી મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સદર કેસનાં સાક્ષીઓને ધાક–ધમકી આપી, પ્રલોભન, લાલચ આપી તોડવા ફોડવા નહીં તથા પુરાવા સાથે ચેડા કરવા નહીં.

(૨) અરજદાર/આરોપીએ ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી કોર્ટની પરવાનગી સિવાય ગુજરાતન રાજ્યની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારે કલાક ૧૧:૦૦ થી ૧૪:૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.

(૪) અરજદાર/આરોપીએ જામીન રજુ કરતી વખતે પોતાનું હાલનું સરનામું આધાર પુરાવા સાથે સંબંધીત કોર્ટ તથા ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરવું તથા કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન બિનચૂક હાજર રહેવું અને ટ્રાયલમાં પૂરતો સહકાર આપવો.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭.૦૩.૨૦૨૬
લુણાવડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી. મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

એન. ડી. ખખ્ખર
ગુજ. સ્ટેનો.